| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | : | ૧૩/૦૧/૨૦૦૯ | | |
| દાખલ તારીખ | : | ૧૩/૦૧/૨૦૦૯ | | |
| ફેંસલ તારીખ | : | ૧૩/૦૩/૨૦૨૬ | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | |
| આંક | : | | | |

**<u>ફોર્મ– "એ"</u>**

| | |
|---|---|
| **મે. સુરતના આઠમાં અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ, સુરત.**<br><br>**સેશન્સ કેસ નં.૦૯/૨૦૦૯**<br>[વરાછા પોલીસ સ્ટેશન પાર્ટ–ફ ગુના રજી.નં.૨૭૬/૨૦૦૭] | |
| **ફરિયાદી.** | **શ્રી સરકાર.** |
| ફરિયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.એડીશનલ પબ્લિક પ્રોસીક્યૂટર. | **શ્રી એસ. કે. ગોહિલ** |
| **આરોપીઓ** | **ચંદ્રપાલ રાધેશ્યામ ચૌધરી,**<br>ઉ.વ.આ.૩૬, ધંધો– નોકરી,<br>રહે. ઘર નં.૩૦૧, બ્રીજ રેસીડેન્સી, છાપરાભાઠા સુરત. |
| આરોપી તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વકીલ | **સી. વી. શાહ** |

**<u>ફોર્મ– "બી"</u>**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૮/૦૬/૨૦૦૭ |

| | |
|---|---|
| એફ.આઈ.આર.ની તારીખ | ૦૮/૦૬/૨૦૦૭ |
| ચાર્જશીટની તારીખ | ૧૩/૦૪/૨૦૦૯ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૧૧/૦૮/૨૦૨૩ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૨૯/૦૪/૨૦૨૫ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૦૫/૦૩ /૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૩/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | – |

<u>**આરોપીની વિગત**</u>

| આરોપી નો ક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર છૂટયાની તારીખ | ગુનાનો આરોપ મૂકયો છે | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં. કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયત ની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | ચંદ્રપાલ રાધેશ્યામ ચૌધરી | ૨૧/૦૬/૨૦૦૭ | ૨૯/૦૭/૨૦૧૦ | ઇ.પી.કો.ની કલમ ૩૦૭, ૫૦૪, ૫૦૬ (૨), ૩૪ તથા આર્મ્સ એકટની કલમ–૨૫ (૧) એ,૨૭ મુજબ | નિર્દોષ | -- | -- |

## મુદ્દામાલની વિગતઃ–
## મુ.મા.પાવતી ૦૦/૨૦૦૭ તા. ૦૯/૦૬/૨૦૦૭

| અનુ નં | મુદ્દામાલની વિગત | આંક | રજુ કરનાર |
|---|---|---|---|
| ૦૧ | (૧)એક કાપડની થેલીમાં પિસ્તોલ તથા એક નાનો એક નાનો જીવતો કાર્ટીજ સીલબંધ છે તે પિસ્તોલ કિમત રૂ.૨૫૦૦/૦૦, તથા જીવતો કાર્ટીજ એક કિમત રૂ.૫૦૦/– છે તે. (૨) એક કાપડની થેલીમાં દેશી તમંચો તથા | | |

| | | | |
|---|---|---|---|
| | એક જીવતો કાર્ટીજ શીલબંધ છે તે તમંચો કિમત રૂ.૫૦૦/– તથા જીવતો કાર્ટીજ કિમત રૂ.૫૦/– છે તે.<br>(૩)એક મેટાલીક ગ્રે કલરની બોડીવાળો નોકીયા કંપનીનો મોડેલ નં.૭૭૧૦ મોબાઇલ ફોન એરટેલના સીમકાર્ડ સાથેનો જેની કિમત રૂ.૫૦૦૦/– છે તે. | | |

## (એ) <u>ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા</u>

| અનુ નં. | સાહેદ નંબર | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ૭૦ | હર્ષદભાઇ મકનભાઇ પટેલ | મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાંના પંચ સાહેદ |
| ૨ | ૨ | ૭૭ | કિશોરભાઇ દેવરાજભાઇ પેથાણી | સાહેદ |
| ૩ | ૩ | ૭૮ | ઘનશ્યામભાઇ ઉર્ફે ભગત ઠાકરશીભાઇ ડોબરીયા | સાહેદ |
| ૪ | ૪ | ૮૨ | ધનજીભાઇ મુળજીભાઇ સરવૈયા | સાહેદ |
| ૫ | ૫ | ૮૩ | ધીરૂભાઇ છગનભાઇ બારૈયા | સાહેદ |
| ૬ | ૬ | ૮૪ | દિલીપભાઇ રણછોડભાઇ પટેલ | સાહેદ |
| ૭ | ૭ | ૮૭ | પ્રવિણ નારસિંહ પઢીયાર | પોલીસ સાહેદ |
| ૮ | ૮ | ૯૦ | લોટન નીમ્બાભાઇ | પોલીસ સાહેદ |
| ૯ | ૯ | ૯૪ | વજેસિંગભાઇ માધુભાઇ ચૌધરી | પોલીસ સાહેદ |
| ૧૦ | ૧૦ | ૧૦૩ | માધવભાઇ ગોદડભાઇ પટેલ | સાહેદ |
| ૧૧ | ૧૧ | ૧૦૫ | બાબુભાઇ લીલાભાઇ દેસાઇ | પોલીસ સાહેદ |
| ૧૨ | ૧૨ | ૧૧૦ | અશોકકુમાર પોપટલાલ જાની | સાહેદ/ એફ.એસ.એલ. |

## (બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,

| અનુક્રમ નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| Nil | | | |

**(સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો,**

| અનુક્રમ નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| Nil | | | |

**<u>ફરિયાદપક્ષે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા</u>**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક | સાબિત/રજુ કરનાર |
|---|---|---|---|
| ૧ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૭૧ | સાહેદ નં.૧ |
| ૨ | સુચિપત્ર | ૯૫ | સાહેદ નં.૯ |
| ૩ | અસલ ફરીયાદ | ૯૬ | સાહેદ નં.૯ |
| ૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૦૬ | સાહેદ નં.૧૧ |
| ૫ | આરોપીઓનું અટક પંચનામું | ૧૦૭ | સાહેદ નં. ૧૧ |
| ૬ | એફ.એસ.એલ.ની પહોંચ, રવાનગી નોંધ, એફ.એસ.એલ. નો ફોરવર્ડીંગ પત્ર, પરિક્ષણ રીપોર્ટ | ૧૧૧ | સાહેદ નં.૧૨ |

**<u>– ચુ કા દો –</u>**

(૧) આ કામના આરોપી વિરૂધ્ધ વરાછા પોલીસ સ્ટેશન પાર્ટ–ફ ગુના રજી. નં. ૨૭૬/૨૦૦૭, ઇ. પી. કો. કલમ– ૩૦૭, ૫૦૪, ૫૦૬(૨), ૩૪ તથા આર્મ્સ એકટની કલમ–૨૫(૧)એ, ૨૭ મુજબનો ગુનો નોંધાયેલ.

**(૨) ફરિયાદપક્ષના કેસની ટૂંકમા હકીકત એવી છે કે,**

તા.૦૮.૦૬.૨૦૦૭ ના ક.૨૧.૩૦ વાગ્યાના સુમારે વરાછા ગીતાંજલી પેટ્રોલપંપની પાસે, રોડની સાઇડમાં જાહેરમાં આ કામના આરોપી તથા અન્ય આરોપી વિજયસિંહ શેષનાથ સિંહ ઠાકુર, વિકાસ કુમાર રાજકુમાર સીંહ ઠાકુર (જે બન્નેની સામે ચાર્જશીટ અલગ કરેલ છે) નાએ સાહેદ મંગળ ઉર્ફે ટકો નેપાળી પાસે બોલપેનની માંગણી કરતા સાહેદ મંગલે પેન નહીં હોવાનું જણાવતા અન્ય આરોપીએ તથા

આ કામના આરોપીએ સાહેદ તથા ફરીયાદી સાથે બોલાચાલી કરી ગાળો આપતા સાહેદે તથા ફરીયાદીએ ગાળો આપવાની ના પાડતા અન્ય આરોપી વિજયસિંહ શેષનાથ સિંહ ઠાકુર (જેની સામેની ચાર્જશીટ અલગ કરેલ છે) નાએ પોતાની પાસેની પિસ્તોલ સાહેદના ગળા ઉપર મુકી જાનથી મારી નાખવાની ધમકી આપતા સાહેદ તથા ફરીયાદીએ બુમાબુમ કરતા આવતા જતા લોકો આરોપીને પકડવા દોડતા આ કામના આરોપી તથા અન્ય આરોપીઓ પૈકી અન્ય આરોપી વિજયસિંહ શેષનાથ ઠાકુર (જેની સામે ચાર્જશીટ અલગ કરેલ છે) નાએ પોતાની પાસેની પિસ્તોલ અને અન્ય આરોપી વિકાસકુમાર રાજકુમાર સિંહ ઠાકુર (જેની સામે ચાર્જશીટ અલગ કરેલ છે) નાએ પોતાની પાસેનો તમંચો કાઢી લોકોના ટોળા તરફ ટાંકેલ અને અન્ય આરોપી વિજયસિંહ શેષનાથ નાએ પોતાની પાસેની પિસ્તોલ વડે લોકોના ટોળા ઉપર એક રાઉન્ડ ફાયર કરી ભાગવા જતા લોકોના ટોળાના હાથે પકડાઇ જઇ, આ કામના આરોપીએ તથા અન્ય આરોપીઓએ લાયસન્સ વગરની પિસ્તોલ તથા લોડેલ તમંચા સાથે પકડાઇ જઇ ગુનામાં એકબીજાની મદદગારી કરેલ તે મતલબની ફરીયાદ ફરીયાદીએ વરાછા પોલીસ સ્ટેશનમાં આપતા, તે વરાછા પોલીસ સ્ટેશન પાર્ટ–ફ ગુના રજી. નં. ૨૭૬/૨૦૦૭, ઇ. પી. કો. કલમ– ૩૦૭, ૫૦૪, ૫૦૬(૨), ૩૪ તથા આર્મ્સ એકટની કલમ–૨૫(૧)એ, ૨૭ મુજબની ફરીયાદ રજીસ્ટરે લેવાયેલ.

**<u>ગુનાની તપાસ</u>**

(૩) તપાસ કરનાર અમલદારશ્રીએ સદર ગુનાની તપાસ કરી ઉપરોકત ગુના સંદર્ભે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લેવામાં આવેલ, આરોપીઓને અટક કરી જરૂરી પંચનામાઓ કરી આરોપીઓ વિરૂધ્ધ પૂરતો પુરાવો હોય નવમાં એડી. ચીફ મેજી. સુરતની કોર્ટમાં ઇ.પી.કો.કલમ–૩૦૭, ૫૦૪, ૫૦૬(૨), ૩૪ તથા આર્મ્સ એકટની કલમ–૨૫(૧)એ, ૨૭ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ, જે ફોજદારી કેસ નંબર – ૨૯૯૭૦/૨૦૦૭ થી રજીસ્ટરે નોંધવામાં

આવેલ.

**<u>કમીટલ કાર્યવાહી</u>**

(૪) સદર ચાર્જશીટ રજુ થતા નવમાં એડી. ચીફ જયુડી. મેજી.શ્રી, સુરતનાઓએ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે હકુમત સેશન્સ કોર્ટને હોય, તા.૨૬/૦૯/૨૦૦૭ નાં રોજ ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૭ ની જોગવાઈઓનું પાલન કરી, ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૯ હેઠળ કમિટલ હુકમ કરી, જીલ્લા અને સત્ર અદાલત, સુરતમાં કમિટ કરી મોકલી આપતા, સદર કેસને સેશન્સ કેસ નં.૯/૨૦૦૯ થી નોંધવામાં આવેલ અને ત્યારબાદ સદરહુ કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે અત્રેની અદાલતમાં તબદીલ થઈ આવેલ છે.

**<u>ઓપનીંગ ઓફ કેસ એન્ડ ફ્રેમીંગ ઓફ ચાર્જ</u>**

(૫) વિ.એ.પી.પી.શ્રીએ સી.આર.પી.સી. કલમ–૨૨૬ મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ કયા પુરાવાથી આરોપી વિરૂદ્ધ પુરવાર કરવાનો છે તેવું જણાવી સરકાર પક્ષે કેસ ઓપન કરેલ અને ત્યારબાદ બન્ને પક્ષોને સાંભળ્યા બાદ આરોપી વિરૂદ્ધ પ્રથમદર્શનીય કેસ જણાઈ આવતો હોય સી.આર.પી.સી.ની. કલમ–૨૨૮ મુજબ આંક–૪૩થી આરોપી વિરૂધ્ધ ગુનાનું તહોમતનામું ફરમાવી સદર ગુનાનુ તહોમત તેઓને વાંચી સંભળાવી તેઓ કબૂલ કરવા માંગે છે કે ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માંગે છે તેમ પુછતા આરોપીએ પોતાની આંક–૪૪થી પ્લી યાને કે નિવેદનથી તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

હાલના કામે આરોપી નં.(૧) અને (૨) નાઓ હાજર રહેતા ન હોય તેઓ વિરૂધ્ધ અનેકવાર વોરંટ કાઢવા છતાં વોરંટ બજેલ ન હોય આ કામના આરોપી ચંન્દ્રપાલની આંક–૩૪ લગતની અરજીના આધારે નામ. કોર્ટે તા.૦૪.૦૫.૨૦૨૨ ના રોજ આરોપી નં.(૧) તથા (૨) પુરતો અલગ ચાર્જશીટ કરવાનો હુકમ કરી આરોપી નં.(૩) એટલે કે હાલના આરોપી વિરૂધ્ધ કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. જેથી હાલના કામે એકજ આરોપી એટલે કે

આરોપી નં.(૩) પુરતો કેસ આગળ ચલાવવાનો રહે છે અને આરોપી નં.(૧) અને (૨) નાઓ વિરૂધ્ધ તેઓ પકડાયે બાદ તેઓ વિરૂધ્ધ અલગથી કેસ ચલાવવાનો રહેશે.

(૬) આરોપી વિરૂદ્ધ આંક-૪૩થી ફરમાવવામાં આવેલા તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે ઉપરોકત ફોર્મ-સી માં દર્શાવ્યા મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ પોતાના કેસના સમર્થનમાં રજૂ કરવામાં આવેલા છે.

(૭) ફરિયાદ પક્ષે આંક-૧૧૪થી પૂરો થયાનું જાહેર કરતાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે આરોપીએ જણાવેલ છે કે, "અમો નિર્દોષ છીએ, કહેવાતો કોઇ ગુનો કરેલ નથી, જેથી અમોને નિર્દોષ છોડી મુકવા નમ્ર અરજ છે."

**<u>ફરિયાદપક્ષે દલીલઃ</u>-**

(૮) ફરિયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રીનાએ એવી દલીલ કરેલ છે કે, રેકર્ડ પરનો પુરાવો જોતા ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ તમામ સંજોગો તેઓને હાલના ગુનામાં સંડોવેલ તેવા નિઃશંકપણે પુરવાર કરેલ છે. વધુમાં, તેઓ એવી દલીલ કરે છે કે, ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરે છે અને આરોપીએ પોતાના બચાવના સમર્થનમાં કોઇ હકીકત બચાવપક્ષના સાહેદોની જુબાનીમાંથી કઢાવી શકેલ નથી. જેથી આરોપીને તકસીરવાર ઠરાવી યોગ્ય તે શિક્ષા કરવા અરજ ગુજારેલ છે.

**<u>આરોપી તરફે દલીલઃ</u>-**

(૯) આરોપીના વિ. વકીલશ્રીએ પોતાની મૌખિક દલીલમાં એવી રજુઆત કરેલ છે કે, હાલના કામે રેકર્ડ પરનો પુરાવો જોતા આરોપીને ગુનામાં સંડોવતા હોય તેવો કોઇ પુરાવો સાહેદોની જુબાની તથા રેકર્ડ પરના પુરાવા ઉપર આવેલ નથી. વધુમાં તેઓ એવી દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. વધુમાં તેઓ એમ જણાવે છે કે, જે કાંઇ

પુરાવો રેકર્ડ પર છે તે અન્ય આરોપીઓ વિરૂધ્ધ હોય અને સદર ગુનામાં હાલના આરોપીએ કોઈ ભાગ ભજવેલ હોય તેવો કોઈ પુરાવો જોવા મળતો નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**(૧૦)** ઉપરોકત હકીકતોને લક્ષમાં લેતાં કેસના નિર્ણય સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## <u>મુદ્દાઓ</u>

(૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, તા.૦૮.૦૬.૨૦૦૭ ના ક.૨૧.૩૦ વાગ્યાના સુમારે વરાછા ગીતાંજલી પેટ્રોલપંપની પાસે, રોડની સાઈડમાં જાહેરમાં પોતાની પાસેનો તમંચો કાઢી લોકોના ટોળા તરફ ટાંકેલ અને અન્ય આરોપી વિજયસિંહ શેષનાથ નાએ પોતાની પાસેની પિસ્તોલ વડે લોકોના ટોળા ઉપર એક રાઉન્ડ ફાયર કરી, પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડી, આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭ સાથે વાંચતા કલમ-૩૪ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાઓ કરેલો છે?

(૨) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, ઉપરોકત સમયે સ્થળે અને તારીખે આરોપીએ લાયસન્સ વગરની પિસ્તોલ તથા લોડેલ તમંચા સાથે પકડાઈ જઈ ગુનામાં એકબીજાની મદદગારી કરી આરોપીએ આર્મ્સ એકટની કલમ-૨૫(૧)એ, ૨૭ સાથે વાંચતા કલમ-૩૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલો છે?

(૩) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, ઉપરોકત સમયે, સ્થળે અને તારીખે આ કામના આરોપીએ સહ આરોપીઓ સાથે મળી આ કામના સાહેદ તથા ફરીયાદી સાથે બોલાચાલી કરી ગાળો આપતા સાહેદે તથા ફરીયાદીએ ગાળો આપવાની ના પાડતા પોતાની પિસ્તોલ

સાહેદના ગળા ઉપર મુકી જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨) સાથે કલમ–૩૪ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાઓ કરેલો છે?

(૪) શું હુકમ ?

**(૧૧)** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબના છે.

(૧) નકારમાં.
(૨) નકારમાં.
(૩) નકારમાં.
(૪) આખરી હુકમ મુજબ.

**<u>–:કારણો :–</u>**

**(૧૨)** સદર કેસનો નિર્ણય કરતા પહેલા ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોની જુબાની જોવી આવશ્યક જણાતી હોય જેની ચર્ચા નીચે પ્રમાણે કરેલ છે.

**(૧૩)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૨ તરીકે આંક–૭૭થી સાહેદ કિશોરભાઇ દેવરાજભાઇ પેથાણી નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, હું ૨૦૦૭ માં ગણેશ પાન સેન્ટરના નામથી વૃંદાવન ગીતાંજલી પેટ્રોલપંપની પાછળ ગલ્લો ચલાવતો હતો અને તે વખતે મીરાનગર મુકામે રહેતા હતા. સને ૨૦૦૭માં શું બનાવ બનેલો તેનો મને ખ્યાલ નથી. કોઇની સાથે કોઇને મારામારી થઇ હોય અને પોલીસ તેઓને લઇ ગયેલ હોય તેવુ બનેલ નથી. શું બનાવ બનેલો તે અંગે પણ મને કોઇ જાત માહિતી નથી. જેઓને પોલીસ લઇ ગયેલી તેઓની પાસેથી કોઇ રીવોલ્વર કે પિસ્તોલ કબજે કરેલ હોય તેવુ મારી રૂબરૂ બનેલ નથી. હું વિજયસિંહ શેષનાથસિંહ ઠાકુર, વિકાસિંહ રાજકુમારસિંહ, ચંદ્રપાલ ઉર્ફે લાલજીને

ઓળખતા નથી કે તેઓને જોયેલ પણ નથી. તેઓને પોલીસ રૂબરૂ પકડીને લઇ ગયેલ હોય તેવુ બનેલ નથી. પોલીસે તેમનું ફકત નામ ઠામ પુછેલુ.

સદર સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને વિમુખ થયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

**(૧૪)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૩ તરીકે આંક-૭૮થી સાહેદ ઘનશ્યામભાઇ ઉર્ફે ભગત ઠાકરશીભાઇ ડોબરીયા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૦૭ માં હું વિડીયો થિએટરમાં નોકરી કરહતો હતો અને તે વખતે ભરતનગર મુકામે રહેતો હતો. સને ૨૦૦૭માં શું બનાવ બનેલો તેનો મને ખ્યાલ નથી. કોઇની સાથે કોઇને મારામારી થઇ હોય અને પોલીસ તેઓને લઇ ગયેલ હોય તેવુ બનેલ નથી. શું બનાવ બનેલો તે અંગે પણ મને કોઇ જાત માહિતી નથી. જેઓને પોલીસ લઇ ગયેલી તેઓની પાસેથી કોઇ રીવોલ્વર કે પિસ્તોલ કબજે કરેલી હોય તેવુ મારી રૂબરૂ બનેલ નથી. હું વિજયસિંહ શેષનાથસિંગ ઠાકુર, વિકાસસિંહ રાજકુમારસિંહ, ચંદ્રપાલ ઉર્ફે લાલજીને ઓળખતો નથી કે તેઓને જોયેલ પણ નથી. તેઓને પોલીસ રૂબરૂ પકડીને લઇ ગયેલ હોય તેવુ બનેલ નથી. પોલીસે મારૂ ફકત નામ-ઠામ પુછેલુ.

સદર સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને વિમુખ થયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

**(૧૫)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૪ તરીકે આંક-૮૨થી સાહેદ ધનજીભાઇ મુળજીભાઇ સરવૈયા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, હાલ હું નિવૃત જીવન જીવુ છુ. આજથી વીસેક વર્ષ પહેલા હું પાનની દુકાન વૃંદાવન સોસાયટી પાસે કે

જે ગીતાંજલી થીએટર પાસે આવેલ હતી ત્યાં ચલાવતો હતો. બનાવ અંદાજે અઢારેક વર્ષ પહેલા બનેલો હતો તે દરમિયાન હું મારી પાનની દુકાને હાજર હતો ત્યારે અચાકન લોકોની દોડધામ થયેલી. સને ૨૦૦૭માં શું બનાવ બનેલો તેનો મને ખ્યાલ નથી. કોઈની સાથે કોઈને મારામારી થઈ હોય અને પોલીસ તેઓને લઈ ગયેલ હોય તેવુ બનેલ નથી. શું બનાવ બનેલો તે અંગે પણ મને કોઈ જાત માહીતી નથી. જેઓને પોલીસ લઈ ગયેલી તેઓની પાસેથી કોઈ રીવોલ્વર કે પિસ્તોલ કબજે કરેલ હોય તેવુ મારી રૂબરૂ બનેલ નથી. હું વિજયસિંહ શેષનાથસિંગ ઠાકુર, વિકાસસિંહ રાજકુમારસિંહ, ચન્દ્રપાલ ઉર્ફે લાલજીને ઓળખતો નથી કે તેઓને જોયેલ પણ નથી. તેઓને પોલીસ રૂબરૂ પકડીને લઈ ગયેલ હોય તેવુ બનેલ નથી. પોલીસે મારુ ફક્ત નામ–ઠામ પુછેલુ.

સદર સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને વિમુખ થયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

(૧૬) વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૫ તરીકે આંક–૮૩થી સાહેદ ધીરૂભાઈ છગનભાઈ બારૈયા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, હાલ હું નિવૃત જીવન જીવુ છુ. આજથી વીસેક વર્ષ પહેલા હું છકડો ચલાવી મારા પરીવારનુ ગુજરાન કરતો હતો. બનાવ અંદાજે અઢારેક વર્ષ પહેલા બનેલો હતો તે દરમિયાન હું ગીતાંજલી પેટ્રોલ પંપ પાસે છકડો રીક્ષા લઈને ઉભેલો હતો ત્યારે અચાકન લોકોની દોડધામ થયેલી. સને ૨૦૦૭માં શું બનાવ બનેલો તેનો મને ખ્યાલ નથી. કોઈની સાથે કોઈને મારામારી થઈ હોય અને પોલીસ તેઓને લઈ ગયેલ હોય તેવુ બનેલ નથી. શું બનાવ બનેલો તે અંગે પણ મને કોઈ જાત માહીતી નથી. જેઓને પોલીસ લઈ ગયેલી તેઓની પાસેથી કોઈ રીવોલ્વર કે પિસ્તોલ કબજે કરેલ હોય તેવુ મારી રૂબરૂ બનેલ નથી. હું વિજયસિંહ શેષનાથસિંગ ઠાકુર, વિકાસસિંહ

રાજકુમારસિંહ, ચન્દ્રપાલ ઉર્ફે લાલજીને ઓ p ળખતો નથી કે તેઓને જોયેલ પણ નથી. તેઓને પોલીસ રૂબરૂ પકડીને લઇ ગયેલ હોય તેવુ બનેલ નથી. પોલીસે મારુ ફક્ત નામ–ઠામ પુછેલુ.

સદર સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને વિમુખ થયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

(૧૭) વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૬ તરીકે આંક–૮૪થી સાહેદ દિલીપભાઇ રણછોડભાઇ પટેલ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, હાલ હું પાનની દુકાન વૃંદાવન સોસાયટી પાસે કે જે ગીતાંજલી થીએટર પાસે આવેલ છે ત્યાં છેલ્લા વીસેક વર્ષથી ચલાવુ છુ. બનાવ અંદાજે અઢારેક વર્ષ પહેલા બનેલો હતો તે દરમિયાન હું મારી પાનની દુકાને હાજર હતો ત્યારે અચાકન લોકોની દોડધામ થયેલી. સને ૨૦૦૭માં શું બનાવ બનેલો તેનો મને ખ્યાલ નથી. કોઇની સાથે કોઇને મારામારી થઇ હોય અને પોલીસ તેઓને લઇ ગયેલ હોય તેવુ બનેલ નથી. શું બનાવ બનેલો તે અંગે પણ મને કોઇ જાત માહીતી નથી. જેઓને પોલીસ લઇ ગયેલી તેઓની પાસેથી કોઇ રીવોલ્વર કે પિસ્તોલ કબજે કરેલ હોય તેવુ મારી રૂબરૂ બનેલ નથી. હું વિજયસિંહ શેષનાથસિંગ ઠાકુર, વિકાસસિંહ રાજકુમારસિંહ, ચન્દ્રપાલ ઉર્ફે લાલજીને ઓળખતો નથી કે તેઓને જોયેલ પણ નથી. તેઓને પોલીસ રૂબરૂ પકડીને લઇ ગયેલ હોય તેવુ બનેલ નથી. પોલીસે મારુ ફક્ત નામ–ઠામ પુછેલુ.

સદર સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને વિમુખ થયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

(૧૮) વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૧૦ તરીકે આંક–૧૦૩થી સાહેદ માધવભાઇ ગોદડભાઇ પટેલ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ

પોતાની જુબાનીમાં જણાવે છે કે, હું હીરામજુરીનુ કામ કરુ છુ. મારે ત્યાં કારખાનામાં છ હિરાની ધંટી છે અને ત્યાં જુદા–જુદા કારીગરો કામ કરે છે. હું ચન્દ્રપાલ ઉર્ફે લાલજી રાધેશ્યામ ચૌધરીને ઓળખતો નથી કે તેને જોયેલ નથી, તે મારા કારખાનામાં કામ કરતો હોય તેવુ બનેલ નથી. પોલીસે મારુ ફક્ત નામ–સરનામુ પુછેલુ.

સદર સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને વિમુખ થયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

(૧૯) વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૧૨ તરીકે આંક–૧૧૦થી સાહેદ અશોકકુમાર પોપટલાલ જાની નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, હાલ હું નિવૃત જીવન ગુજારુ છુ. હું તા.૩૧/૦૭/૨૦૧૮ના રોજ મદદનીશ નિયામક અને ઇન્ચાર્જ નાયબ નિયામકના હોદ્દા પરથી એફ.એસ.એલ. જુનાગઢ ખાતેથી નિવૃત થયેલ છુ. સને ૨૦૦૭માં અમો એફ.એસ.એલ. અમદાવાદ ખાતે બેલેસ્ટીક વિભાગમાં સાયન્ટીફિક ઓફિસર અને આસિ.કેમિકલ એનેલાઇઝર તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન તા.૧૪/૦૬/૨૦૦૭ ના રોજ વરાછા પો.સ્ટે.સુરત શહેર ખાતેથી રમણભાઇ પુનાભાઇ બ.નં.૨૪૭૫ રૂબરૂમાં પોલીસ રવાનગી નોંધ અને બે સીલબંધ કપડાના પાર્સલો લઇ આવેલ હતા. જે અમારી પ્રયોગ શાળા માં મદદનીશ નિયામકશ્રી બી. કે. મિસ્ત્રી નાઓ દ્વારા સ્વીકારી અને બે પાર્સલો તેમજ પોલીસ રવાનગી નોંધ સ્વીકાર્યા બદલની રૂબરૂમાં પહોંચ આપવામાં આવેલ હતી. જેની ઓફિસ કોપી લઇ હું આવેલ છુ. જેમાં એફ.એસ.એલ.ની પહોંચ, પોલીસ રવાનગી નોંધ તથા એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ લેટર અને અમોએ પરીક્ષણ કરેલ રીપોર્ટ જેમાં મારો હોદ્દો અને સહી જણાવેલ છે, જેનો સમાવેશ થાય છે. જે મારા કબજામાંથી રજુ કરુ છુ. જેને પુરાવામાં સંયુક્ત રજુ દાખલ <u>આંક–૧૧૧</u> આપવામાં આવે છે. સદર કેસનો મુદ્દામાલનુ પરીક્ષણ

કાર્ય મને મદદનીશ નિયામક શ્રી બી. કે. મિસ્ત્રી નાઓ દ્વારા સપ્ટેમ્બર, ૨૦૦૭ના એલોટ કરેલ હતુ. જેનુ મે પરીક્ષણ કાર્ય કરેલ હતુ. સદર કેસમાં બે વરાછા પો.સ્ટે.ના નમુના મુજબના સીલ ધરાવતા સીલબંધ કપડાના પાર્સલો હતા. જે પૈકી એકને પાર્સલ–૧ અને બીજાને પાર્સલ–૨ અપાયેલ હતા. પાર્સલ–૧ જેમાં એક પિસ્તોલ હતી અને એક કાર્ટીજ હતો જેને પ્રયોગશાળામાં અનુક્રમે નમુનો–૧/એ અને નમુનો–૧/બી આપવામાં આવેલો હતો. નમુનો–૧/એ જે એક નોન સ્ટાન્ડર્ડ બનાવટની પિસ્તોલ હતી. જેની બેરોલ લંબાઇ આશરે ૧૦ સે.મી. હતી. નમુનો–૧/બી જે એક અંગ્રેજીમાં "7.65KF" હેડસ્ટેમ્પ ધરાવતા કોપર જેકેટ બુલેટ ધરાવતો 7.65 mm કેલીબરનો પિસ્તોલ કાર્ટીજ હતો. પાર્સલ–૨ જેમાં એક તમંચો હતો અને એક કાર્ટીજ હતો. જેને અનુક્રમે નમુનો–૨/એ અને નમુનો–૨/બી આપી દર્શાવેલ હતુ. નમુનો–૨/એ જે એક સીંગલ બેરેલ બ્રીચ લોડીંગ દેશી બનાવટનો તમંચો હતો, જેની બેરેલ લંબાઇ ૯.૨ સે.મી. હતી. નમુનો–૨/બી જે એક અંગ્રેજીમાં "OK 7Z00" હેડસ્ટેમ્પ ધરાવતા કોપર જેકેટ બુલેટ ધરાવતો ૦.303 ઇંચ કેલીબરનો રાઇફલ કાર્ટીજ હતો. જેના પર્ક્યુશન કેપ ઉપર ઇન્ડેન્ટેશન માર્ક જણાયેલ હતો. પરીક્ષણ કાર્યની વિગતો અને અભિપ્રાય–**<u>નમુનો–૧/એ અને નમુનો–૨/એ :</u>** નમુનો–૧/એ માં એક નોન સ્ટાન્ડર્ડ બનાવટની પિસ્તોલ હતી જેમાં ૭.૬૫ mm કેલીબરનો પિસ્તોલ કાર્ટીઝ ચેમ્બર/લોડ થઈ શકે તેમ હતુ. નમુનો–૨/એ માં એક દેશી બનાવટનો તમંચો હતો. જેમાં ૩૦૩" કેલીબરનો રાયફલ કાર્ટીઝ ચેમ્બર થઈ શકે તેમ હતુ.નમુનો–૧/એ અને નમુનો–૨એ ના લેબોરેટરી ટેસ્ટ ફાયરીંગ પહેલા સદર બંને નમુનાઓની બેરલના બેરલવોશ અલગ અલગ લઈ અને સદર બંને બેરલવોશમાંથી ફાયર આર્મ ડીસ્ચાર્જના અવશેષો શોધવા માટેના રાસાયણિક પૃથ્થકરણો કરેલ અને જેમાં ફાયર આર્મ ડીસ્ચાર્જના અવશેષો 'નાઈટ્રાઈટ' અને 'લેડ' ની હાજરી શોધી શકાયેલ જે દર્શાવતુ હતુ કે નમુનો–૧એ અને

નમુનો–૨એ ના ફાયર આર્મ પ્રયોગશાળામાં સ્વીકાર્યો તે પહેલા સદર બંને નમુનાના ફાયર આર્મમાંથી ફાયરીંગ થયેલ છે પરંતું સદર બંને નમુનામાંથી કેટલા સમય પહેલા ફાયરીંગ થયેલ છે તે અંગે અભિપ્રાય આપી શકાય તેમ ન હતુ. પ્રયોગશાળાના નમુનો–૧/એ ની પિસ્તોલમાં નમુનો–૧બી નો ૭.૬૫ mm કેલીબરનો એક પિસ્તોલ કાર્ટીઝ ચેમ્બર કરી ટેસ્ટ ફાયરીંગ કરતા નમુનો–૧/એની પિસ્તોલનું સફળતાપૂર્વક ટેસ્ટ ફાયરીંગ થયેલ હતું અને નમુનો–૧એની પિસ્તોલ વર્કીંગ કન્ડીશનમાં જણાયેલ હતી. પ્રયોગશાળામાં નમુનો–૨એ ના તમંચામાં નમુનો–૨/બી નો ૩૦૩" કેલીબરનો એક પિસ્તોલ કાર્ટીઝ અને લેબોરેટરી સ્ટોકનો એક ૩૦૩" કેલીબરનો કાર્ટીઝ વન બાય વન ચેમ્બર કરી–ટેસ્ટ ફાયરીંગ કરતા બંને કાર્ટીઝીસ નમુનો–૨/એ માંથી સફળતાપૂર્વક ટેસ્ટ ફાયર્ડ થયેલા હતા અને નમુનો–૨/એ નો તમંચો વર્કીંગ કન્ડીશનમાં જણાયેલ હતો.**નમુનો–૧/બી અને નમુનો–૨/બી :**નમુનો–૧/બી અને નમુનો–૨/બી ના કુલ બે નંગ કાર્ટીઝીસનું કાળજીપૂર્વક સ્ટીરીયોમાઈક્રોસ્કોપમાં પરીક્ષણ કરેલ હતુ તેમજ સદર બંને નમુનાના કાર્ટીઝીસના ભૌતિકમાપનો માપી અભ્યાસ કરેલ હતો. નમુનો–૧/બી નો કાર્ટીઝ ૭.૬૫ mm કેલીબરનો ભારતીય સ્ટાન્ડર્ડ ફેકટરી બનાવટનો પિસ્તોલ કાર્ટીઝ જણાયેલ હતો જયારે નમુનો–૨બી નો કાર્ટીઝ ૩૦૩" કેલીબરનો ભારતીય સ્ટાન્ડર્ડ બનાવટનો રાયફલ કાર્ટીઝ જણાયેલ હતો. નમુનો–૨/બી ના કાર્ટીઝના પરકયુશન કેપ ઉપરના ફાયરીંગ પીન માર્કસ અને નમુનો–૨/એ ના તમંચામાંથી પ્રયોગશાળામાં ટેસ્ટ એટેમ્ટેડ કાર્ટીઝ ઉપરના ફાયરીંગ પીન માર્કસનું પરીક્ષણ પ્રયોગશાળામાં કમ્પેરીઝન માઈક્રોસ્કોપમાં કરેલ હતો અને સદર બંને કાર્ટીઝ ઉપરના (નમુનો–૨/બી નો કાર્ટીઝ અને નમુનો–૨/એ માંથી પ્રયોગશાળામાં ટેસ્ટ એટેમ્ટેડ થયેલ કાર્ટીઝ) ફાયરીંગ પીન માર્કસની વિશિષ્ટ લાક્ષણિકતાઓ સરખી જોવા મળેલ હતો જે દર્શાવે છે કે નમુનો–૨બી નો કાર્ટીઝને નમુનો–૨/એ ના તમંચામાંથી ફાયર કરવા પ્રયાસ કરેલ

હતો. પ્રયોગશાળામાં નમુનો–૧/બી નો કાર્ટીઝ અને નમુનો–૨/બી નો કાર્ટીઝ ફાયર્ડ થયેલ હતા અને બંને કાર્ટીઝીસ જીવતા(લાઈવ) જણાયેલ હતા.નોંધ– પ્રયોગશાળા સ્ટોકનો એક કાર્ટીઝ ૩૦૩" કેલીબરનો પયોગશાળામાં નમુનો–૨એ ના તમંચામાંથી ટેસ્ટ ફાયર્ડ કરેલ તે કાર્ટીઝ નો કાર્ટીઝ કેઈસ પાર્સલ–૨ માં સામેલ રાખેલ છે. સદર કેસનુ એનાલીસીસ પુર્ણ થતા તેનો અહેવાલ ટાઈપ કરાવી વરાછા પો.સ્ટે.તરફ રવાના કરેલ હતો. સદર કેસના મુદ્દામાલ પ્રયોગશાળાના સીલથી સીલબંધ કરી મુદ્દામાલ પણ વરાછા પો.સ્ટે.ને સોંપવામાં આવેલો. સદર મુદ્દામાલ મને કોર્ટ રૂમમાં બતાવવામાં આવે તો હું ઓળખી શકુ.

(૨૦) વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૧ તરીકે આંક–૭૦થી પંચ સાહેદ હર્ષદભાઈ મકનભાઈ પટેલ નાઓને તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદ મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાંના પંચ સાહેદ છે. સદર પંચ સાહેદે તેઓના પુરાવામાં પોલીસે મને પંચ તરીકે બોલાવેલ. ત્યારે મારી એક તૈયાર લખાણમાં સહી કરાવેલી તે લખાણ શેનુ હતુ તેની મને ખબર નથી તે લખાણ મેં વાંચેલ નહી કે પોલીસે વાંચી સંભળાવેલ નહી. મારી હાજરીમાં પોલીસ કર્મચારી હાજર હોય અને તેઓએ કોઈ ચીજવસ્તુ પિસ્તોલ, તમંચા અને મોબાઈલ રજુ કરેલ હોય અને પોલીસે તેનુ વિગતવારનુ પંચનામુ કરી કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. મને નિશાની–૬૪/૩ થી રજુ મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામું બતાવવામાં આવે છે જેમા પંચ નં.૧ તરીકે મારી સહી છે તેમજ પંચ નં.૨ તરીકે હરીશભાઈ ઠક્કરની સહી છે, હરીશભાઈ ઠક્કર અને હું તે સમયે એક જ જગ્યાએ બેસેલા હતા, પોલીસે અમોને સહી કરવાનુ જણાવતા અમો બંને જણાએ સહી કરલી જેથી હું હરીશભાઈની સહી ઓળખી બતાવુ છુ, હરીશભાઈને હું ઓળખુ છુ, મારા જાણવા મુજબ આ હરીશભાઈ આજશી આશરે છએક વર્ષ પહેલા મરણ ગયેલ છે. જે પંચનામાને પુરાવામાં રજુ આંક–૭૧ આપવામાં આવે છે. મને મુદ્દામાલ બતાવવામાં આવે તો હું ઓળખી શકુ નહીં.

સદર પંચ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને વિમુખ થયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

**(૨૦.૧)** સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ ઠામ પુછી તૈયાર કાગળ પર સહી કરવાનું કહેતા મેં સહી કરી આપેલી, મને અન્ય કોઇ જાત માહિતી નથી.

**(૨૧)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૭ તરીકે આંક-૮૭થી પોલીસ સાહેદ પ્રવિણ નારસિંહ પઢીયાર નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, હાલ હું PSI તરીકે સુરત શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવુ છુ. સને ૨૦૦૭માં હું સુરત શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં અ.પો.કો. તરીકે મારી ફરજ બજાવતો હતો. તા.૦૮/૦૬/૨૦૦૭ના રોજ હું મારી ફરજ પર હાજર હતો ત્યારબાદ હું તથા પો.કો.પંકજ પૃથ્વીસિંહ સુરત શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન અમોને ખાનગી રાહે જાણવા મળેલ કે ગીતાંજલી પેટ્રોલપંપની પાછળ આવેલ વૃંદાવન વિડીયો સિનેમાની લાઇન સામે તમંચા સાથે ત્રણ ઇસમોને પબ્લિકના માણસોએ પકડેલ છે જેથી રાતના દસેક વાગ્યાના અરસામાં હું તથા પંકજસિંહ વરાછા ગીતાંજલી પેટ્રોલપંપની પાછળ આવેલ વૃંદાવન વિડીયો સિનેમા પાસે ગયેલા, ત્યારે ત્યાં વરાછા પો.સ્ટે.માં ફરજ બજાવતા ASI લોટનભાઇ તથા પો.કો. સંજયભાઇ તથા પો.કો.અશોકભાઇ ત્યાં હાજર હતા અને પબ્લિકના માણસોએ ત્રણેય ઇસમોને પકડેલા હતા અને અમારી રૂબરૂ ASI લોટનભાઇએ ત્રણેય આરોપીઓના નામ પુછતા પ્રથમ ઇસમે પોતાનુ નામ વિજયસિંગ શેષનાથસિંગ ઠાકુર, બીજા આરોપીએ તેનુ નામ વિકાસ રાજકુમાર ઠાકુર, ત્રીજા આરોપીએ પોતાનુ નામ ચન્દ્રપાલસિંહ ઉર્ફે લાલસિંહ રાધેશ્યામ ચૌધરી હોવાનુ જણાવેલુ. <u>સદરહું ઇસમોને ચેક કરતા વિજયસિંહ પાસે દેશી હાથ બનાવટની પિસ્તોલ લોડેડ મળી આવેલ તથા વિકાસ રાજકુમાર ઠાકુર પાસેથી</u>

લોડેડ એક દેશી હાથ બનાવટનો તમંચો તથા નોકીયા કંપનીનો એક મોબાઇલ ફોન મળી આવેલો તેમજ પબ્લિકના માણસોએ ત્રણેય આરોપીઓને ઢીક્કામુક્કીનો માર મારેલ હોવાથી ASI લોટનભાઇ નાઓએ ઉપરોક્ત ત્રણેય આરોપીઓને સારવાર માટે લઇ જવા સુચન કરતા હું તથા પંકજસિંહ નાઓ ત્રણેય આરોપીઓને લઇને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ સારવાર માટે દાખલ કરેલા અને ત્યારબાદ ઉપરોક્ત ગુના અનુસંધાને વરાછા પોલીસ સ્ટેશનમાં ફરીયાદી અવિનાશભાઇ ઉર્ફે હડ્ડી ગોરધનભાઇ વસોયાએ ફરીયાદ આપેલી. જે અનુસંધાને મારુ નિવેદન તા.૦૯/૦૬/૨૦૦૭ના રોજ PSI શ્રી દેસાઇ સાહેબ, વરાછા પો.સ્ટે. નાઓએ લીધેલુ. આરોપીઓને હું ઓળખુ છુ.

**(૨૧.૧)** સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે આરોપી નં.૩ ચન્દ્રપાલ પાસેથી કોઇ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નહીં.

**(૨૨)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૮ તરીકે આંક-૯૦થી પોલીસ સાહેદ લોટન નીમ્બાભાઇ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૦૭માં હું વરાછા પોલીસ સ્ટેશનમાં ASI તરીકે ફરજ બજાવતો હતો. તા.૦૮/૦૬/૨૦૦૭ના રોજ હું મારી ફરજ પર હાજર હતો તે દિવસે હું તથા સર્વેલન્સ સ્ટાફના પો.કો.સંજય રતન તથા પો.કો. અશોક મોતીરામ વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી રાહે જાણવા મળેલ કે, ગીતાંજલી પેટ્રોલ પંપ પાછળ આવેલ વૃંદાવન સિનેમાની સામે લાઇન સામે ત્રણ ઇસમોને તમંચા સાથે પબ્લિકના માણસોએ પકડેલ છે જેથી આશરે દસેક વાગ્યાના અરસામાં પહોંચેલા અને ત્યાં પબ્લિકના માણસોએ ત્રણેય ઇસમોને પકડેલા હતા અને તે સમયે ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પ્રવિણસિંહ નારસિંહ તથા પંકજ પૃથ્વીસિંહ પણ ત્યાં આવી ગયેલા અને ત્રણેય ઇસમોના મે નામ પુછતા પ્રથમ ઇસમે પોતાનુ નામ વિજયસિંગ શેષનાથસિંગ ઠાકુર, બીજા આરોપીએ તેનુ

નામ વિકાસ રાજકુમાર ઠાકુર, ત્રીજા આરોપીએ પોતાનુ નામ ચન્દ્રપાલસિંહ ઉર્ફે લાલસિંહ રાધેશ્યામ ચૌધરી હોવાનુ જણાવેલુ. સદરહું ઇસમોને ચેક કરતા વિજયસિંહ પાસે દેશી હાથ બનાવટની પિસ્તોલ લોડેડ મળી આવેલ તથા વિકાસ રાજકુમાર ઠાકુર પાસેથી લોડેડ એક દેશી હાથ બનાવટનો તમંચો તથા નોકીયા કંપનીનો એક મોબાઇલ ફોન મળી આવેલો તેમજ પબ્લિકના માણસોએ ત્રણેય આરોપીઓને ઢીક્કામુક્કીનો માર મારેલ હોવાથી મે ઉપરોક્ત ત્રણેય આરોપીઓને સારવાર માટે લઇ જવા સુચન કરતા સાથેનો પોલીસ સ્ટાફ ત્રણેય આરોપીઓને લઇને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ સારવાર માટે દાખલ કરેલા અને ત્યારબાદ ઉપરોક્ત ગુના અનુસંધાને વરાછા પોલીસ સ્ટેશનમાં ફરીયાદી અવિનાસભાઇ ઉર્ફે હક્ડી ગોરધનભાઇ વસોયાએ ફરીયાદ આપેલી. જે અનુસંધાને મારુ નિવેદન તા.૦૯/૦૬/૨૦૦૭ના રોજ PSI શ્રી દેસાઇ સાહેબ, વરાછા પો.સ્ટે. નાઓએ લીધેલુ. આરોપીઓને હું ઓળખુ છુ.

**(૨૨.૧)** સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, બાતમી મળ્યાના પાંચ મિનીટમાં અમો બનાવ વાળી જગ્યાએ પહોંચેલા. એ વાત ખરી છે કે હાલના આરોપી ચન્દ્રપાલ પાસેથી કોઇ હથિયાર મળી આવેલુ નહીં.

**(૨૩)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૯ તરીકે આંક-૯૪થી પોલીસ સાહેદ વજેસિંગભાઇ માધુભાઇ ચૌધરી નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૦૭માં હું વરાછા પોલીસ સ્ટેશનમાં ASI તરીકે ફરજ બજાવતો હતો. તા.૦૮/૦૬/૨૦૦૭ના રોજ મારી નોકરીનો સમય રાત્રે ૨૦/૦૦ થી બીજા દિવસે ૦૮/૦૦ સુધી હતો. તા.૦૮/૦૬/૨૦૦૭ના રોજ PSI બી. એલ. દેસાઇ નાઓએ ફરીયાદી અવીનાશ ઉર્ફે હક્ડી ગોરધનભાઇ વસોયા રહે- કતારગામ, સુરત નાઓની એક ફરીયાદ લીધેલી હતી. તે ફરીયાદની ટુંકી હકીકત એવી હતી કે, આરોપીઓ વિજયસિંહ શેષનાગસિંહ તથા વિકાસસિંગ રાજકુમાર તથા ચન્દ્રપાલ ઉર્ફે લાલજી ચૌધરી નાઓ પૈકી

એક આરોપી સાહેદ મંગલ ઉર્ફે ટકો નેપાળી પાસે બોલપેનની માંગણી કરતા બોલપેન નહીં હોવાનુ જણાવતા ત્રણેય આરોપીઓએ ફરીયાદી તથા સાહેદ સાથે તકરાર કરી ફરીયાદી તથા સાહેદને નાલાયક ગાળો આપી ત્રણેય આરોપીઓ પૈકી એક આરોપીએ પોતાની પાસેનો તમંચો સાહેદના ગળા ઉપર મુકી જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરીયાદી તથા સાહેદોએ બુમાબુમ કરતા આજુબાજુના પબ્લિકના માણસો આરોપીઓને પકડવા તેઓ પાછળ દોડતા એક રાઉન્ડ ફાયર કરેલો તે મતલબની આપેલ હતી, જે ફરીયાદ રજીસ્ટર કરવા માટે PSI બી. એલ. દેસાઇ નાઓએ મારી પાસે મોકલતા મે વરાછા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૨૭૬/૨૦૦૭, ઇ.પી.કો. કલમ–૩૦૭,૫૦૪,૫૦૬(૨),૩૪ તથા આર્મ્સ એક્ટની કલમ–૨૫(૧)એ,૨૭ મુજબનો ગુનો નોંધી જેની સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી કરેલી અને આ અંગેનો સ્પેશ્યિલ રીપોર્ટ મે મારી સહીથી બનાવેલો અને આગળની તપાસ PSI શ્રી દેસાઇ સાહેબ નાઓને સુપરત કરેલી. મને <u>નિશાની–૬૪/૧</u> થી રજુ સુચિપત્ર બતાવવામાં આવે છે, જે જોઇને જણાવુ છુ કે આ સુચિપત્ર મે તૈયાર કરેલુ અને તેને આધારે ગુનો રજીસ્ટર કરેલો તે જ છે અને તેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ <u>આંક–૯૫</u> આપવામાં આવે છે. મને <u>નિશાની–૬૪/૨</u> થી રજુ અસલ ફરીયાદ બતાવવામાં આવે છે, જે જોઇને જણાવુ છુ કે આ ફરીયાદ PSI બી. એલ. દેસાઇ નાઓએ લીધેલી તે જ છે અને તેની ઉપર ફરીયાદી તથા રૂબરૂમાં દેસાઇ સાહેબની સહી છે અને આ ફરીયાદ મારી પાસે રજીસ્ટર થવા આવેલી તે જ છે જે હું ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ <u>આંક–૯૬</u> આપવામાં આવે છે.

**(૨૩.૧)** સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, <u>એ વાત ખરી છે કે ફરીયાદ રજીસ્ટર કર્યા સિવાય તેમજ સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી કર્યા સિવાય અન્ય કોઇ બીજી કામગીરી કરેલ નથી</u>.

**(૨૪)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૧૧ તરીકે આંક–૧૦૫થી પોલીસ સાહેદ બાબુભાઇ લીલાભાઇ દેસાઇ નાઓને તપાસવામાં આવેલ છે.

તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તા.૦૮/૦૬/૨૦૦૭ના રોજ અમો વરાછા પોલીસ સ્ટેશનમાં પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે સદર ગુનાના કામના ફરીયાદી અમારી પાસે આવેલ અને બનાવ અંગેની વિગતવારની ફરીયાદ અમોને આપતા અમોએ તે તેમના જણાવ્યા અનુસાર લખી લીધેલી. સદર ગુનાના કામની હકીકત એ રીતની છે કે, આ કામના આરોપીઓ તા.૦૮/૦૬/૨૦૦૭ના રોજ વરાછા વિસ્તારમાં ગીતાંજલી પેટ્રોલપંપની બાજુમાં જાહેર રોડ ઉપર આ કામના ફરીયાદીના મિત્ર મંગળ નેપાળી પાસે પેનની માંગણી કરતા સાહેદ નેપાળીએ પેન ન હોવાનુ જણાવતા આરોપીઓ ઉશ્કેરાય, ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધાક–ધમકી આપેલ તેમજ આરોપીઓ પૈકી આરોપી નં.૧ વિકાસસિંગ નાએ પહેરેલ પેન્ટના કમરના ભાગેથી હથિયાર કાઢી સાહેદના ગળે મુકી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ જેથી ફરીયાદી અને સાહેદે બુમાબુમ કરતા લોકો એકત્રિત થતા ત્રણેય આરોપીઓ ભાગવા જતા આરોપી નં.૧ નાએ તેની પાસેના હથિયારમાંથી એક રાઉન્ડ ફાયરીંગ કરેલ જેઓને ભેગા થઇ લોકોના ટોળાએ દોડી પકડી પાડેલ જે અંગે વરાછા પોલીસ સ્ટેશન જાણ થતા ડી–સ્ટાફના ASI લોટનભાઇ નીંબાભાઇ અને બીજા માણસોએ સ્થળ ઉપર જઇ આરોપીઓને હથિયાર સાથે પકડી પાડેલ. ફરીયાદ લીધા બાદ અમોએ ફરીયાદમાં ફરીયાદીની સહી લીધેલી અને ફરીયાદ લેનાર તરીકે અમોએ સહી કરેલી. ત્યારબાદ સદર ફરીયાદની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા સારુ પી.એસ.ઓ. તરફ મોકલી આપેલી. ત્યારબાદ આગળની તપાસ અમોએ સંભાળેલી. સદર કામે અમોએ ગુનાવાળી જગ્યાનુ બે પંચો રૂબરૂ પંચનામુ કરેલુ તથા આ કામે ગુનામાં ઉપયોગમાં લેવાયેલ હથિયારનુ પણ બે પંચો રૂબરૂ પંચનામુ કરી હથિયાર તપાસના કામે કબજે લીધેલ. ત્યારબાદ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. આ કામે આરોપી મળી આવતા અમોએ તેઓની અટક પંચનામાની રૂએ કરેલ. આરોપીઓના નિવેદનો પણ મેળવેલા. અમોએ કબજે લીધેલ

મુદ્દામાલ એફ.એસ.એલ. રવાનગી નોંધ તૈયાર કરી મોકલી આપેલ. સદર કામે આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા જણાય આવતા આર્મ્સ એક્ટનો ગુનો હોય જેથી ડી.સી.પી.સાહેબની મંજુરી મેળવી નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલુ. હું આરોપીઓને ઓળખુ છુ. જે પૈકી ચંન્દ્રપાલ રાધેશ્યામ ચૌધરી નાઓ આજરોજ કોર્ટમાં હાજર છે. મને મુદ્દામાલ બતાવવામાં આવે તો હું જોઇને ઓળખી શકુ છુ. મને આંક–૯૫ થી રજુ સુચિપત્ર બતાવવામાં આવે છે, જે સદર ગુનાના કામનુ છે, જે હું ઓળખી બતાવુ છુ જે મે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. મને આંક–૯૬ થી રજુ ફરીયાદ બતાવવામાં આવે છે, જેમાં ફરીયાદીની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ. જે મે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. મને આંક–૭૧ વાળુ આરોપીઓ પાસેથી મળેલ મુદ્દામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં બે પંચોની અને રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ. મને નિશાની–૬૪/૪ થી રજુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જેને પુરાવામાં રજુ દાખલ આંક–૧૦૬ આપવામાં આવે છે. મને નિશાની–૬૪/૫ થી રજુ આરોપીઓનુ અટક પંચનામુ બતાવવામાં આવે છે જેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જેને પુરાવામાં રજુ દાખલ આંક–૧૦૭ આપવામાં આવે છે. સદર સાહેદે આ કામના સાહેદ–કિશોરભાઇ દેવરાજભાઇ પેથાણી, સાહેદ–ધનશ્યામભાઇ ઉર્ફે ભગત ઠાકરશીભાઇ ડોબરીયા, સાહેદ–ધનજીભાઇ મુળજીભાઇ સરવૈયા, સાહેદ–ધીરૂભાઇ છગનભાઇ બારૈયા, સાહેદ–દિલીપભાઇ રણછોડભાઇ પટેલ, સાહેદ–માધવભાઇ ગોદડભાઇ પટેલ નાઓના નિવેદનો તેઓના લખાવ્યા મુજબના લખી લીધેલા.

**(૨૪.૧)** સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે બનાવ વાળો વિસ્તાર એ લોકોની અવરજવર વાળો અને ભરચક વિસ્તાર છે. એ વાત ખરી છે કે સદર ગુનાના કામે કોઇ સીસીટીવી

કુટેજ રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે આરોપી ચન્દ્રપાલ પાસેથી કોઇ પણ જાતનો મુદ્દામાલ કબજે લેવામાં આવેલ નહીં.

આ કામે મુદ્દા નં. ૧થી ૩ એકબીજા સાથે સંકળાયેલા હોય જેથી તેની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

**મુદ્દા નં. ૧ થી ૩:–**

**(૨૫)** હાલના કામે ફરીયાદપક્ષનો કેસ એવો છે કે, મુળ ત્રણ આરોપીઓએ સાહેદ મંગળ ઉર્ફે ટકો નેપાળી પાસે બોલપેનની માંગણી કરતા પેન નહીં આપતા તેઓ તથા ફરીયાદી સાથે બોલાચાલી કરી ગાળો આપી, ફરીયાદી દ્વારા ગાળો આપવાની ના પાડતા આરોપી વિજયસિંહ શેષનાથસિંહ ઠાકુરનાએ પોતાની પાસેની પિસ્તોલ સાહેદના ગળા ઉપર મુકી જાનથી મારી નાખવાની ધમકી આપી, ફરીયાદી દ્વારા બુમાબુમ કરતા લોકો આવી જતા અને તેઓને પકડવા જતા આરોપી વિજયનાએ પોતાની પાસેની પિસ્તોલ અને આરોપી વિકાસ નાએ પોતાની પાસેનો તમંચો કાઢી લોકોના ટોળા તરફ ટંકેલ અને તેઓના ટોળા ઉપર એક રાઉન્ડ ફાયર કરી ભાગવા જતા લોકોના ટોળાના હાથે પકડાઇ જઇ ગુનો કરેલ છે. હાલના કામે આંક–૮૭ તથા આંક–૯૦ થી તપાસેલ સાહેદોની જુબાની જોતા તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલ અને ત્રણેય આરોપીઓને ત્યાંથી પકડેલ અને અન્ય આરોપીઓ પાસેથી એટલે કે આરોપી વિજયસિંહ તથા વિકાસ પાસેથી લોડેડ દેશી હાથનો બનાવટનો તમંચો જપ્ત કરેલ. સદર સાહેદોએ પોતાની ઉલટતપાસમાં જણાવેલ છે કે હાલના આરોપી ચંદ્રપાલ પાસેથી કોઇ વસ્તુની રીકવરી કરવામાં આવેલ નથી. વધુમાં, આ કામે આંક–૭૭, આંક–૭૮, આંક–૮૨, આંક–૮૩, આંક–૮૪ તથા આંક–૧૦૩થી તપાસેલ સાહેદો કે જેઓ બનાવવાળી જગ્યાએ હાજર હતા તેઓએ ફરીયાદપક્ષના સમર્થનમાં જુબાની પુરી પાડેલ નથી. જેથી હાલના કામે આ કામના આરોપીએ બનાવવાળા ગુનામાં આરોપી નં.(૧) તથા (૨) નાઓની સાથે પોતાનો સામાન્ય ઇરાદો બર લાવવાના હેતુથી કોઇ કૃત્ય કરેલ હોય તેવો કોઇ પુરાવો જોવા મળતો નથી. વધુમાં આંક–૪૩થી

ફરમાવેલ તહોમતનામું જોવામાં આવે તો પણ અન્ય આરોપીઓ વિકાસ તથા વિજયસિંહ વિરૂધ્ધ ગુનાહિત કૃત્ય કરવાનો આક્ષેપ છે અને હાલના આરોપીને ઈ.પી.કો.ની કલમ–૩૪ હેઠળ સદર ગુનામાં સંડોવેલ છે.

**(૨૬)** નામ. સર્વોચ્ચ અદાલતે મધુસુદન વિ. સ્ટેટ ઓફ એમ.પી. જે (૨૦૨૪) ૧૫ એસ.સી.સી. ૭૫૭ ના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે,

**21.** The existence of common intention in a given case must necessarily be established by the prosecution with relevant evidence. The Court also has the responsibility to analyse and assess the evidence before convicting a person with the aid of Section 34IPC. **Importantly, a mere common intention per se may not attract Section 34IPC without action in *furtherance* of such common intention** [*Jasdeep Singh* v. *State of Punjab*, (2022) 2 SCC 545 : (2022) 1 SCC (Cri) 526] .

**(૨૭)** નામ. સર્વોચ્ચ અદાલતે ક્રિષ્ણમુર્થી વિ. સ્ટેટ ઓફ કર્ણાટકા જે (૨૦૨૨) ૭ એસ.સી.સી. ૫૨૧ ના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે,

**12.** The underlying basic assumption or foundation in criminal law is the principle of personal culpability. A person is criminally responsible for act or transactions in which he is personally engaged or in some other way had participated. However, there are various modes and capacities in which a person can participate in a crime. He can instigate, be a facilitator or otherwise aid execution of a crime. Section 34IPC incorporates the principle of shared intent, that is, common design between the two perpetrators, which makes the second or other participants also an equal or joint perpetrator as the main or principal perpetrator [ We have used the said terms for want of a better phrase. Section 34IPC does not postulate such distinction.] . The question which arises is whether Thimmappa and Gopala can be attributed common intention under Section 34IPC to commit murder under Section 300 or even offence under Section 304IPC.

**16.** Accordingly, to attract applicability of Section 34IPC, the prosecution is under an obligation to establish that there existed a common intention before a person can be vicariously convicted for the criminal act of another. The ultimate act should be done in furtherance of common intention. Common intention requires a prearranged plan, which can be even formed at the spur of the moment or simultaneously just before or even during the attack. For proving common intention, the prosecution can rely upon direct proof of prior concert or circumstances which necessarily lead to that inference. However, incriminating facts must be incompatible with the innocence of the accused and incapable of explanation by any other reasonable hypothesis.

**18.** Normally, however, in a case of offence involving physical violence, physical presence at the place of actual commission is considered to be safe for conviction but it may not be mandatory when prearranged plan is proved and established beyond doubt. Facilitation in execution of the common design may be possible from a distance and can tantamount to actual participation in the criminal act. The essence and proof that there was simultaneous consensus of mind of co-participants in the criminal action is however, mandatory and essential. [See *Ramaswami Ayyangar* v. *State of T.N.*, (1976) 3 SCC 779 : 1976 SCC (Cri) 518] In *Krishnan* v. *State of Kerala* [*Krishnan* v. *State of Kerala*, (1996) 10 SCC 508 : 1996 SCC (Cri) 1375] it has been observed that an overt act is not a requirement of law for Section 34IPC to operate but prosecution must establish that the persons concerned shared the common intention, which can be also gathered from the proved facts.

**21.** The aforesaid quotation from *Bashir case* [*Bashir* v. *State*, 1953 SCC OnLine All 74 : AIR 1953 All 668] emphasises that it is essential that each co-perpetrator should have necessary intent to participate or otherwise have requisite awareness or knowledge that the offence is likely to be committed in view of the common

design. It also follows that in some cases merely accompanying the principal accused may not establish common intention. A co-perpetrator, who shares a common intention, will be liable only to the extent that he intends or could or should have visualised the possibility or probability of the final act. If the final outcome or offence committed is distinctly remote and unconnected with the common intention, he would not be liable. This test obviously is fact and circumstance specific and no straitjacket universal formula can be applied. Two examples quoted in *Bashir case* [*Bashir* v. *State*, 1953 SCC OnLine All 74 : AIR 1953 All 668] are relevant and explain the widest and broad boundaries of Section 34IPC and at the same time warn that the ambit should not be extended so as to hold a person liable for remote possibilities, which were not probable and could not be envisaged. The examples also bring out the distinction between the criminal acts and the intent of a co-perpetrator; and the actual offence committed by the principal or main perpetrator.

**26.** Section 34IPC makes a co-perpetrator, who had participated in the offence, equally liable on the principle of joint liability. For Section 34 to apply there should be common intention between the co-perpetrators, which means that there should be community of purpose and common design or prearranged plan. However, this does not mean that co-perpetrators should have engaged in any discussion, agreement or valuation. For Section 34 to apply, it is not necessary that the plan should be prearranged or hatched for a considerable time before the criminal act is performed. Common intention can be formed just a minute before the actual act happens. Common intention is necessarily a psychological fact as it requires prior meeting of minds. In such cases, direct evidence normally will not be available and in most cases, whether or not there exists a common intention has to be determined by drawing inference from the facts proved. This requires an inquiry into the antecedents, conduct of the co-

participants or perpetrators at the time and after the occurrence. The manner in which the accused arrived, mounted the attack, nature and type of injuries inflicted, the weapon used, conduct or acts of the co-assailants/perpetrators, object and purpose behind the occurrence or the attack, etc. are all relevant facts from which inference has to be drawn to arrive at a conclusion whether or not the ingredients of Section 34IPC are satisfied. We must remember that Section 34IPC comes into operation against the co-perpetrators because they have not committed the principal or main act, which is undertaken/performed or is attributed to the main culprit or perpetrator. Where an accused is the main or final perpetrator, resort to Section 34IPC is not necessary as the said perpetrator is himself individually liable for having caused the injury/offence. A person is liable for his own acts. Section 34 or the principle of common intention is invoked to implicate and fasten joint liability on other co-participants.

**27.** Further, the expression/term “criminal act” in Section 34IPC refers to the physical act, which has been done by the co-perpetrators/participants as distinct from the effect, result or consequence. In other words, the expression “criminal act” referred to in Section 34IPC is different from “offence”. For example, if A and B strike lathi at X, the criminal act is of striking lathis, whereas the offence committed may be of murder, culpable homicide or simple or grievous injuries.

**28.** The expression “common intention” should also not be confused with “intention” or “mens rea” as an essential ingredient of several offences under the IPC. Intention may be an ingredient of an offence and this is a personal matter. For some offences, mental intention is not a requirement but knowledge is sufficient and constitutes necessary mens rea. Section 34IPC can be invoked for the said offence also [refer *Afrahim Sheikh* [*Afrahim Sheikh* v. *State of W.B.*, AIR 1964 SC 1263] ]. Common intention is common design or common intent, which is akin to motive or

object. It is the reason or purpose behind doing of all acts by the individual participant forming the criminal act. In some cases, intention, which is ingredient of the offence, may be identical with the common intention of the co-perpetrators, but this is not mandatory.

**29.** Section 34IPC also uses the expression "act in furtherance of common intention". Therefore, in each case when Section 34 is invoked, it is necessary to examine whether the criminal offence charged was done in furtherance of the common intention of the participator. If the criminal offence is distinctly remote and unconnected with the common intention, Section 34 would not be applicable. However, if the criminal offence done or performed was attributable or was primarily connected or was a known or reasonably possible outcome of the preconcert/contemporaneous engagement or a manifestation of the mutual consent for carrying out common purpose, it will fall within the scope and ambit of the act done in furtherance of common intention. Thus, the word "furtherance" propounds a wide scope but should not be expanded beyond the intent and purpose of the statute. *Russell on Crime*, (10th Edn. p. 557), while examining the word "furtherance" had stated that it refers to "the action of helping forward" and "it indicates some kind of aid or assistance producing an effect in the future" and that "any act may be regarded as done in furtherance of the ultimate felony if it is a step intentionally taken for the purpose of effecting that felony". An act which is extraneous to the common intention or is done in opposition to it and is not required to be done at all for carrying out the common intention, cannot be said to be in furtherance of common intention [refer judgment of R.P. Sethi, J. in *Suresh* [*Suresh* v. *State of U.P.*, (2001) 3 SCC 673 : 2001 SCC (Cri) 601] ].

(૨૮) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ જે પુરાવા પર આધાર રાખે છે તે પુરાવાઓ તે પુરાવાઓનું એકીસાથે મુલ્યાંકન કરતા એમ

જણાઇ આવે છે કે, ફરીયાદપક્ષ હાલના કામે આરોપી વિરૂદ્ધ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય જેથી હાલના કામે મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૪ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

(૧) આ કામના આરોપી **ચંદ્રપાલ રાધેશ્યામ ચૌધરી,** નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૭, ૫૦૪, ૫૦૬(૨), ૩૪ તથા આર્મ્સ એકટની કલમ–૨૫(૧)એ, ૨૭ હેઠળના ગુનાના તહોમતમાં સી.આર.પી.સી. ની કલમ–૨૩૫(૧) હેઠળ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે આરોપી નં.(૧) અને (૨) સામે ચાર્જશીટ તથા ટ્રાયલ ચલાવવાની બાકી હોય જેથી સદર કામે મુદ્દામાલ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

(૩) આરોપીએ ક્રિ.પ્રો.કો.કલમ–૪૩૭(એ) મુજબ રૂ.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર) પુરાના પર્સનલ બોન્ડ તથા તેટલી રકમના એક જામીન અપીલ સમય સુધીના સમય માટે દિન–૭માં આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપી નં.(૧) વિજયસિંહ શેષનાથ ઠાકુર તથા આરોપી નં.(૨) વિકાસકુમાર રાજકુમાર સિંહ ઠાકુર નાઓ વિરૂધ્ધ સદર કામે આંક–૩૪થી લગત થયેલ હુકમ મુજબ કરેલ યાદી અનુસાર અલગથી ચાર્જશીટ કરેલ છે કે કેમ તે લગતનો ખુલાસો સબંધિત પોલીસ સ્ટેશનને જરૂરી યાદી કરવી.

આ હુકમ આજ તારીખઃ **૧૩મી,** માહેઃ **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી આદાલત મધ્યે મારી સહી કરી, વાંચી, સંભળાવી ઘોષિત કરવામાં આવ્યો.

તા.૧૩–૦૩–૨૦૨૬. **(અમીતકુમાર નરેન્દ્રભાઈ દવે)**
સ્થળઃ સુરત. નવમાં અધિક સત્ર ન્યાયાધીશ,સુરત
Judge Code: GJ 00807